# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

## પુન્ય પ્રકૃતિ એજ ભવભ્રમણની પ્રવૃતિ ''અને'' મોક્ષમાર્ગની પ્રાપ્તી એજ ભવભ્રમણની નિવૃતિ

### જૈનો જાગો

લેખાંક : ૫૬

આપણે આગળનાં લેખાંકોમાં મોક્ષમાર્ગની ઘણી ઘણી વિચારણા કરી. હવે આપણે મુક્તિની મુખ્ય વિચારણા કરીએ. બાળજીવોએ અનંત ભવભ્રમણમાં મુક્તિ મેળવવા શું-શું નથી કર્યું, છતાં જીવ મુક્તિથી દુર કેમ ? મુક્તિ મેળવવા બાળજીવોએ, વ્રત કર્યા-તપ કર્યા, દાન દીધા, ત્યાગ લીધા, ધર્મનાં સ્થાનકો બનાવ્યા, સાધુ-સાધ્વીજીઓની સેવાભક્તિઓ કરી, અનેક વખત સંસાર ત્યાગ્યો-અનેક વખત સાધુ બન્યો, જંગલમાં જઈને ઉગ્ર સાધનાઓ કરી, ''દેહને તપાવી-તપાવીને તાળવું તપાવ્યું''. બાળજીવોએ ધર્મ કરવામાં અને ધર્મને નામે કશું કરવામાં બાકી રાખ્યું નહીં, છતાં જીવ પરીણામ સ્વરૂપ શું પામ્યો ? અનંત સંસાર અને અનંત સંસારમાં અનંતા અનંત દુઃખો, છતાં બાળજીવને મુક્તિનો માર્ગ શા માટે મળ્યો નહી? મુક્તિ મેળવવા બાળજીવોએ શ્રી ધર્માચાર્યોને માન આપ્યું, શ્રી ધર્માચાર્યોને સત્યનાં અવતાર ગણ્યાં. મુક્તિ માટે બાળજીવોએ શ્રી ધર્માચાર્યોની આજ્ઞાને શ્રી પરમાત્માની આજ્ઞા ગણી. શ્રી ધર્માચાર્યો માટે અર્થ ત્યાગ્યું, અર્થ વ્યવહાર ત્યાગ્યો, જીવન વ્યવહાર ત્યાગ્યો, અને શ્રી પરમાત્માને નામે, જીવન સમર્પણ કરીને દેહ અર્પણ કર્યો, છતાં બાળજીવ શું પામ્યો ? મોક્ષમાર્ગની શી યોગ્યતા મેળવી ? આવું તો બાળજીવે અનંત ભવોમાં અનેક વખત કર્યું છતાં પામ્યો અનંતા અનંત ભવ. આવી રીતે અનેક પ્રકારથી (કહેવાતો) ધર્મ બાળજીવે અનેક વખત કર્યો છતાં ભવભ્રમણ છુટ્યું શા માટે નહીં ? તેની વિચારણા કરીએ.

**માંગ્યો નહી મેં ધર્મ,**
**મળ્યો નહીં મુજ ધર્મ,**
**ટાળ્યો ભવનાં યોગને,**
**ક્યારે મળશે માનવ ભવ.**

જીવ જ્યારે પણ નિગોદમાંથી બહાર આવ્યો અને ક્રમિકપણે વિકાસ કરતાં પ્રથમ વખત દેહધારી બન્યો (ગમે તે યોનિનો) ત્યારથી ''દેહ ટકાવવા-અને દેહને બચાવવાં'' જીવ હિંસા ધારણ કરીને હિંસાચારી બન્યો, પાપ પ્રકૃતિની ક્રિયાશીલતાં ચાલું થઈ પછી જેમ-જેમ વિકાસ ક્રમ આગળ વધતો ગયો, એક ઈન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય-ચાર ઈન્દ્રિય અને પાંચ ઈન્દ્રિયનો મનુષ્ય બન્યો, ત્યાં સુધીમાં તેમનાં દેહને આહારથી ટકાવવાં અને દેહને અન્યથી બચાવવાં હિંસાનો પ્રયોગ કરતાં-કરતાં હિંસાનો ઉપયોગી સ્વભાવ બનાવ્યો, અને તેનાં કારણે દેહાત્મભાવ બળવાન બન્યો અને દેહાત્મભાવ બળવાન બનવાથી હિંસાધારી (દેહઅર્થે) બન્યો, દેહને ટકાવતાં-ટકાવતાં, અને દેહને બચાવતાં-બચાવતાં જીવની મિથ્યાત્વ પ્રકૃતિ કાર્યશીલ થઈ, કે જેનાં કારણે જીવને આત્મા એજ દેહ અને દેહ એજ આત્મા એવી ભ્રાંતિ પ્રકૃતિ કાર્ય કરતી થઈ અને તેનાં થકી જીવ ભ્રમિતભાવમાં આવીને, દેહ અને આત્માની એકરૂપતાં ગણીને-માનીને અને અજ્ઞાનતાને શ્રધ્ધા ગણી લીધી, અને તેનાં થકી જીવની દેહભાવ અને સુખભાવની ગ્રંથીની પ્રકૃતિઓ બળવાન બની અને તેનાં કારણે બુધ્ધિ દેહભાવી અને સુખભાવી બની અને દેહને સુખમાં રાખવાનાં અને સુખ અનુભવવાનાં ઉપાયોની શોધ આદરી અને જે ઉપાયો મળ્યાં તેનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. જીવને નિગોદમાંથી નિકળીને પ્રથમ વખત મનુષ્યપણું મળ્યું (કષાયોની મંદતાએ) અને આવી રીતે અનેક વખત મનુષ્યપણું મળ્યું, જીવે કષાયોની મંદતાએ જાણતાં કે અજાણતાં સાથેનાં જીવો માટે તેઓનાં દેહ ટકાવવાં અને બચાવવામાં નિમિત્ત કારણ બનવાથી અજાણતાં પુણ્ય બાંધવાનું શરૂ કર્યું અને પુણ્ય બાંધતા-બાંધતા, રાગ અને દ્વેષની પ્રકૃતિની કાર્યશીલતા અને પુણ્ય પ્રકૃતિ જાગૃત થઈ. અને પછી આવી રીતે અનેક પ્રકારથી જીવ પુણ્ય બાંધતો બાંધતો અને પાપ કરતો કરતો ઘણાં ઘણાં ભવ-ભવાંતરમાં ભટક્યો, અને ભટકતાં-ભટકતાં ઘણી-ઘણી કર્મની પ્રકૃતિઓની કાર્યશીલતાં ચાલું થઈ અને તેનાં કારણે જીવની બુધ્ધિમાં દેહભાવ-સુખભાવ-સ્વાર્થભાવ-કપટભાવ વિગેરે ભાવોથી જીવની બુધ્ધિ વિપર્યાસ બની, અને દેહને સુખમાં રાખવા અને વિચારોને (બુધ્ધિને) શાંતિ કરાવવા પાપોની સાથે પુણ્ય કરવાનું (બાંધવાનું) શરૂ કર્યું. આવી રીતે જીવે જ્યારે-જ્યારે મનુષ્યભવ પ્રાપ્ત કર્યા, ત્યાં-ત્યારે પાપ-અને પુણ્ય પ્રાપ્તી કરવાનું શરૂ કર્યું. આવી રીતે જીવે પાપ-પુણ્ય થકી વિકાસ કરતાં-કરતાં ઘણો આગળ વધ્યો ત્યારે તેમને જીવોનો સમુહ (સમાજ) મળ્યો, સમાજમાં રહેવાનાં (સમાજને ટકાવવાં) સમાજનાં નિયમો બન્યાં, તે નિયમોને વ્યવહાર ધર્મ કહેવાય છે. વ્યવહારને નિભાવવા માટે જે રીતે રહેવું અને વર્તવું તેનું નામ ''**વ્યવહાર ધર્મ**'' અને વ્યવહારમાં રહેતાં-રહેતાં જીવની માન પ્રકૃતિ - નામ પ્રકૃતિ - કાર્ય પ્રકૃતિની કાર્યશીલતાં ચાલું થઈ અને તેનાં કારણે બુધ્ધિમાં અનેક પ્રકાર ભળ્યાં. પહેલાં બુધ્ધિમાં દેહભાવ, સુખભાવ, સ્વાર્થભાવ અને કપટભાવ હતાં તેમાં હવે માનભાવ-નામભાવ ભળ્યાં અને તેથી જીવની બુધ્ધિનું મુખ્ય અને પ્રગટ લક્ષણ સ્વરૂપ **માનબુધ્ધિ-સુખબુધ્ધિ અને સ્વાર્થબુધ્ધિનું પ્રાગટ્ય બન્યું અને તેનાં કારણથી જીવે જ્ઞાનને અજ્ઞાન અને અજ્ઞાનને જ્ઞાન ગણવાનું શરૂ કર્યું અને ''બળવાન દેહાત્મબુધ્ધિ બનાવી''** અને તેનાં ફળ સ્વરૂપ જીવ સંજોગને આધીન બંધાયો અને તેને આધીન વર્તન શરૂ કર્યું અને તે સંજોગ કેવાં ? કે જેમાં દેહાત્મભાવ અને બુધ્ધિ જળવાય તેવાં, અને ત્યારથી જીવ જાગૃત અવસ્થામાં કે અજાગૃત અવસ્થામાં તેની બુધ્ધિ અને વિચારોમાં સંપૂર્ણપણે સુખબુધ્ધિ-માનબુધ્ધિ કે સ્વાર્થબુધ્ધિમાંથી ગમે તે એકનું સ્થાપન હોય-હોય અને હોય જ છે. અને જાગૃત અવસ્થામાં સંસારનાં કાર્યોમાં કે ધર્મનાં કાર્યોમાં પ્રથમ માનનું સ્થાપન અને પછી કાર્ય શરૂ કરવાનો સ્વભાવ બનાવી દીધો. **''સંસારનાં કાર્યોનો સ્વભાવ એજ આત્માનો વિભાવ અને આત્માનો સ્વભાવ એજ સંસારી કાર્યોનો વિભાવ''** એવું સનાતન જ્ઞાનનું જાણતાં કે અજાણતાં વિસ્મરણ કર્યું.

**જાણ્યો નહિં મેં ધર્મને,**
**માન્યો ધર્મને ધર્મ,**
**થયો અધર્મી ધર્મથી,**
**કર્યો ધર્મથી ધર્મનો ધ્વંસ.**

આવી રીતે જીવ અનંત ભવ-ભ્રમણમાં ફરતાં ફરતાં પાપ-પુણ્ય બાંધતા બાંધતાં સુખબુધ્ધિ-સ્વાર્થબુધ્ધિ અને માનબુધ્ધિને કારણે વિપર્યાસબુધ્ધિ બનાવીને અહંકારી-અભિમાની-અધિકારી-પરનિંદક-પરદોષક- અને પરપિડન બનીને અનેક પ્રકારનાં કષાયોને ધારણ કર્યા.

**''વિષયોને કારણે કષાયો કર્યા અને કષાયોનાં કારણે અવગુણી બન્યો. અને અવગુણિનાં કારણે ગુણો પ્રગટાવવાનું ભુલ્યો''**

**''અને''**

**જીવ પુણ્ય પ્રકૃતિનાં કારણે વૃત્તિનાં વમળમાં અટવાઈને ધર્મને પુણ્યનું કારણ ગણીને**

**અને**

**શ્રી પરમાત્માને પુણ્યનું બળવાન સાધન બનાવીને, મુક્તિનાં સાધનોને સંસાર વધારવાનાં મુખ્ય અને બળવાન આધાર બનાવી દીધા.**

**''અને''**

**જીવે જાણતાં કે અજાણતાં શ્રી ધર્માચાર્યોનાં યોગમાં કે વિયોગમાં સતત પુણ્ય બાંધવાની પ્રકૃતિને બળવાન બનાવવાનો, પ્રવૃતિનાં પ્રયોગ કરતાં કરતાં ઉપયોગનો સ્વભાવ બનાવી દીધો અને જીવ ધર્મનાં કે પુણ્યનાં કાર્યો કરતાં-કરતાં પુણ્યલક્ષી બની ગયો, અને ''મુક્તિનો સાર''** પુણ્યલક્ષ એજ જ્ઞાનની વિરાધનાં અને જ્ઞાનની વિરાધનાં કરવાં પુણ્યલક્ષી બનવું અને પુણ્યલક્ષી બનવું એજ ચાર ગતિમાં ભમવું અને ચાર ગતિમાં ફરવાં માટે જે બોધ ગ્રહણ કરવો એટલે શ્રી તીર્થંકર પરમાત્માનાં બોધને અમાન્ય કરવો, અને શ્રી તીર્થંકર પરમાત્માને અમાન્ય ગણવા અને શ્રી તીર્થંકર પરમાત્મા અને તેમનાં બોધને અમાન્ય કરવા એટલે મિથ્યાત્વીનું મિથ્યાત્વ, મિથ્યાત્વીપણામાં સમાય અને તેમાંથી જે પ્રગટ થાય તે મિથ્યાત્વી સ્વભાવ અને મિથ્યાત્વી સ્વભાવ એજ ''સંસારભાવ'' અને એજ અધર્મ સ્વભાવ.

અને બાળજીવે સંસારભાવ અને મિથ્યાત્વ સ્વભાવનાં કારણે અને કુળપરંપરા અને લોકઅભિપ્રાય થકી બાળજીવે શ્રી ધર્માચાર્યોમાં મુકેલો સત્ય પ્રાપ્તી માટેનો બળવાન વિશ્વાસ (એ સહજ છે)નાં કારણે બાળજીવે ક્યારેય મોક્ષમાર્ગ વિષેની જાણકારી અને વિચારણાં કરી નહીં, (મિથ્યાત્વીને સાચું જાણવાનું ગમે પણ નહીં) અને **''અંધશ્રધ્ધામાં બુધ્ધિ ચલાવવાની અને તર્ક કરવાનાં હોતા નથી અને અનુભવ શ્રધ્ધામાં બુધ્ધિ ચાલતી હોવા છતાં તેમાંથી તર્ક નિકળતાં નથી''**. આવી રીતે બાળજીવો ધર્મનાં શ્રી ધર્માચાર્યોની આશ્રય-નિશ્રા પ્રાપ્ત કરીને મોક્ષ પ્રાપ્તીની અભિલાષા (ઝુરણાં નહીં) રાખીને શ્રી ધર્માચાર્યો કહે તે પ્રકારનો ધર્મ અને ધર્મનાં કાર્યો કરે છે. અને સંસારભાવ અને મિથ્યાત્વ સ્વભાવનાં કારણે જે ધર્મ કરે છે, તેમાં તેની દ્રષ્ટિ મિથ્યાત્વી-ભાવ મિથ્યાત્વી-વિચાર મિથ્યાત્વી અને તેનું કાર્ય મિથ્યાત્વી અને તેનું જે ફળ પ્રાપ્ત થાય તે પણ મિથ્યાત્વી (ચાર ગતિનું પરીણામ). આવી રીતે જીવે અનંતીવાર મનુષ્યપણું પ્રાપ્ત કર્યું તેમાં અનેકાન્તી વખત મોક્ષમાર્ગી સંપ્રદાય મળ્યો અને અનેક વખત ભયે કરીને ઉપદેશબોધનાં આધારથી સાધુપણું પ્રાપ્ત કર્યું હશે. છતાં પરિણામ સ્વરૂપ શું પામ્યો, તેનો વિચાર જીવોને ક્યારેય આવ્યો છે ? અને ત્યાગી થયેલાં બાળજીવોએ ક્યારેય અવલોકન કર્યું કે સાધુ જીવન દરમ્યાન આત્મધર્મ શું પામ્યો? શ્રાવક સમુદાય અને ત્યાગી બાળજીવો આત્મકલ્યાણનાં પ્રમુખ અને પ્રગટ લક્ષણમાં (આત્મકલ્યાણનાં પ્રમુખ-પાંચ ગુણોમાંથી) પ્રથમ અને બીજો બે ગુણ પ્રાપ્ત થયા કે નહીં તેનાથી બાળજીવોને ખબર પડે કે તેઓ આત્મકલ્યાણનાં માર્ગે છે કે ચાર ગતિનાં માર્ગે છે ? **પહેલો ગુણ** શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનમાં (ઈષ્ટદેવમાં) ''બળવાન શ્રધ્ધા છે ''? અને **બીજો ગુણ**, તે બળવાન શ્રધ્ધા ક્યારે કહેવાય કે તેમાં ''નિશંક શ્રધ્ધા'' હોય ત્યારે. આ બે ગુણો જે બાળજીવોમાં આવ્યાં હોય (પ્રગટ્યાં હોય) તે બાળજીવો આત્મકલ્યાણનાં માર્ગમાં આવ્યાં છે તેમ ગણાય ''અને નહીંતર ચાર ગતિનાં માર્ગમાં ગણાય''.

**પાપ-પુન્યનાં લોભથી,**
**કર્યો પુન્યનો મોહ,**
**કરી પુન્યની તેજગતી,**
**થઈ ભ્રમણની ચાર ગતી.**

**કરી પુન્યની પ્રકૃતિ,**
**થઈ શ્રી જિનથી નિવૃતિ,**
**ધરી ભ્રમણની આકૃતિ,**
**માંડી પુન્યની પ્રવૃતિ.**

અનુસંધાન પાના નં ૧૭ પર →

**અનુસંધાન પાના નં ૧૬ થી ચાલું**

જીવને મુક્તિનાં ૪ ઉત્તરોતર એવાં દુર્લભ યોગનાં પ્રથમ બે યોગ મનુષ્યપણું અને મોક્ષમાર્ગી સંપ્રદાય મળવો (જન્મવું) એ જીવ જાણતાં કે અજાણતાં, કષાયોની મંદતા અને સુખ-દુ:ખનાં સમવેદન જેવાં સંયોગોથી પ્રાપ્ત કરે છે. તેમાં સમજણની જરૂર નથી અને તેને અટકાવવાવાળો કોઈ મોટો અવગુણ નથી (મોક્ષમાર્ગનાં ગુણની અપેક્ષાએ) તો પછી જીવને ત્રીજો દુર્લભ યોગ શા માટે થતો નથી અથવા થયો નથી અને બે યોગમાં ફરીને પાછો વળે છે. ત્રીજો યોગ (મોક્ષમાર્ગનો ધર્મ સાંભળવા-જાણવાં અને માનવાનો યોગ) પ્રાપ્ત શા માટે થયો નથી કે થતો નથી તેનું કારણ શું તેની વિચારણાં કરીએ.

''જગતસાર'' પ્રમાણે ''અર્થ અને કામ'' ભાગ્યને આધીન છે. અને ''ધર્મ અને મોક્ષ'' જીવને પુરૂષાર્થ થકી પ્રાપ્ત થાય છે. અહિંયા જ્ઞાની મહાપુરૂષોએ ધર્મ અને મોક્ષ બંનેને અલગ બતાવ્યાં છે એટલે કે ધર્મ સાંભળવા-જાણવાં અને માનવાનો એક પુરૂષાર્થ ગણાય અને માન્યા પછી તેમાં શ્રધ્ધા કરીને તે ધર્મ પ્રમાણે ચાલવું (આરાધવું) તે મોક્ષ માટેનો પુરૂષાર્થ ગણાય. એટલે કે મુક્તિનાં પ્રથમ બે દુર્લભ યોગ

*** સત્સંગ ***

**૧. પુન્ય પ્રકૃતિ બળવાન બનાવવી એ ''જ્ઞાન વિરાધનાં''.**
**૨. પુન્યલક્ષી બનવું એજ ''જ્ઞાન વિરાધનાં''.**
**૩. શ્રી તીર્થંકર પરમાત્માની પુન્ય પ્રાપ્તી અર્થે ભક્તિ સાધનાં કરવી એજ ''જ્ઞાન વિરાધનાં''.**
**૪. આત્માનુભવિની વાણી કે લખાણને અમાન્ય ગણવા તે ''જ્ઞાન વિરાધનાં''. (મતનાં-વેશનાં કે વચનાં આગ્રહથી, ૩૬ ગુણો પ્રકાશીત હોવા છતાં).**
**૫. આત્મધર્મ કે જેને નિશ્ચયબોધ કહેવાય છે, તેને દેશ-કાળનો આધાર આપીને ગોપાવવો અને અન્ય પ્રકારનો બોધ (પુન્ય પ્રકૃતિ બળવાન બનાવે તેવો) આપવો કે લેવો એ ''જ્ઞાન વિરાધનાં''. (દેશ-કાળનાં આધારે શ્રી પરમાત્માનો બોધ ઓછો કે વધારે આપવો કે ગ્રહવો (આરાધનમાં) સ્વિકાર્ય પણ અન્ય પ્રકારનો બોધ અસ્વિકાર્ય).**

**પુન્ય પ્રકૃતિ એજ અજ્ઞાન અને એજ મિથ્યાત્વ,**
**પુન્યલક્ષ એજ બળવાન અજ્ઞાન અને એજ ગાઢ મિથ્યાત્વ. ''અને''**
**''એજ'' ભવ-ભવાંતરમાં ભમવાની ભુલમાં ભુલથી ભોળવાઈને ભુલને ભુલીને ભુલ ભોગવવી પડે છે.**

અને અર્થ અને કામ (વિષયોનું સુખ) આ બંને જીવને જાણતાં કે અજાણતાં પૂર્વનાં પુણ્યનાં યોગથી ઈચ્છારહિત કે ઈચ્છાસહિત, લક્ષરહિત કે લક્ષસહિત, સહજતાથી પ્રાપ્ત થાય છે. તેમાં અન્ય જીવોનાં માર્ગ આધારની જરૂર નથી. માટે બાળજીવોને બંનેનાં પ્રથમ બે-બે યોગો અનંતિવાર પ્રાપ્ત થયાં, થાય છે અને થતાં રહેશે, તેને માટે પુરૂષાર્થ કરવાની જરૂર નથી. મુક્તિનાં ત્રીજા અને ચોથા દુર્લભયોગ અને ધર્મ અને મોક્ષ માટેનાં પુરૂષાર્થની પ્રાપ્તી કેમ અને કેવી રીતે થાય તેની વિચારણાં કરીએ. અને પ્રાપ્ત શા માટે થતાં નથી તેનાં મુખ્ય-મુખ્ય ગુણો અને લક્ષણોની વિચારણાં કરીએ.

જીવને નિગોદમાંથી બહાર આવીને પ્રથમ દુ:ખોને આવતા રોકવા અને આવેલાં દુ:ખોને ટાળવા માટે (મિથ્યા પ્રયાસ સ્વરૂપે) અને મોક્ષમાર્ગનાં ગુણોનાં અભાવનાં કારણે (વિવેક સમજણનાં અભાવે, વિવક જ્ઞાન, વિવેક ભાન અને વિવેક સ્વભાવનાં અભાવે) પુણ્યબોધ (ઉપદેશબોધ) જાણવો, માનવો અને આરાધવો અનિવાર્ય છે. અને ઉપદેશબોધનાં આરાધન સ્વરૂપે જીવને નીતિશાસ્ત્રોનાં ગુણોનો આદર-અહોભાવ અને માન્યતાં પ્રાપ્ત ગુણો બન્યાં, અને તેની સાથે પુણ્ય પ્રકૃતિ બળવાન બની, પુણ્ય પ્રકૃતિનાં કારણે પાપ-પ્રકૃતિ બળવાન બની. આ બંને પ્રકૃતિનાં કારણે જીવનો પાપ-પુણ્યલક્ષી સ્વભાવ બન્યો, [આત્મીક સ્વભાવથી વિરુધ્ધનો બૌધિક સ્વભાવ (વિભાવ) બન્યો.] હવે જીવે પૂર્ણ મનુષ્યત્વ ધારણ કર્યુ ગણાય. (મોક્ષમાર્ગની આરાધનાંનાં ગુણોની પ્રાપ્તીએ). હવે જીવે મનુષ્યભવનાં કર્તવ્ય સ્વરૂપે મોક્ષમાર્ગની પ્રાપ્તીનો ઉપાય શોધવાનો પુરૂષાર્થ કરવાનો હોય છે, કે જેનાં થકી પાપ-પુણ્યની પ્રકૃતિનો અને બૌધિક સ્વભાવનો (વિપર્યાસબુધ્ધિનો) ક્ષય થાય અને મોક્ષમાર્ગની આરાધનાં કરીને શાશ્વતાં સુખનો અધિકારી બને, અને આ માટે **જીવને સાધુ સંસ્થાનાં શ્રી ધર્માચાર્યોનું શરણું જ અનિવાર્ય છે.** અને તે શા માટે તેની વિચારણાં કરીએ.

૧) બાળજીવોને ભવ-ભવાંતરથી (પૂર્વમાં લીધેલો ઉપદેશબોધ અને ત્યાગનાં કારણે) બળવાન માન્યતાની શ્રધ્ધાને કારણે, સાધુ-સંસ્થા અને શ્રી ધર્માચાર્યો પ્રત્યે અત્યંત આદરભાવ-બહુમાન અને વંદનીય ભાવ હોય છે. તેનાં કારણે જીવ શ્રી ધર્માચાર્યોની આજ્ઞા સહર્ષ સ્વિકારે છે.

૨) સંસાર ત્યાગનાં કારણે શ્રી ધર્માચાર્યોને મોક્ષનાં અભિલાષી-આત્મીક સુખનાં ઝુરણાંવાળા મોક્ષનાં આરાધક અને ઉગ્ર સાધક માને છે. (ત્યાગ, જીવ બે પ્રકારથી લે છે. તે બાળજીવોને ખબર નથી. સંસારનાં ભયે કરીને, અને સંસારને દુ:ખરૂપ માનીને, બંનેનાં પ્રગટ લક્ષણ અલગ-અલગ, એક અણસમજણથી અને એક સમજણ સહિત મોક્ષમાર્ગની જાણકારી સહિત)

૩) સંસાર ત્યાગનાં કારણે બાળજીવો એવું માને છે કે શ્રી ધર્માચાર્યોને અમારી આવશ્યકતા નથી પણ અમારી ઉપર ઉપકાર કરીને અમને બોધ આપે છે. (બાળજીવને ખબર નથી કે માનભાવે કે નામભાવથી પણ જીવ ત્યાગમાં વર્તે તો તે સંસારભાવી કહેવાય.)

૪) બાળજીવો માને છે કે શ્રી ધર્માચાર્યો શાસ્ત્રોનાં જાણકાર હોય છે. માટે તેઓ અમને શાસ્ત્રોનો જ બોધ આપે છે. (બાળજીવોને ખબર નથી કે શાસ્ત્રોમાં ફક્ત નિશ્ચયબોધ આપવામાં આવેલો છે. અને તે નિશ્ચયબોધ જ મોક્ષમાર્ગનો બોધ કહેવાય. અને જે બીજો બોધ પુણ્યલક્ષનો (ઉપદેશબોધ) એ શાસ્ત્રોનો શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો બોધ નથી અને એ બોધ ચાર ગતિમાં ભ્રમણ કરાવનાર બોધ છે.)

૫) બાળજીવોને માન મેળવવાની અને નામ મોટું અને કાયમીક બનાવવાનાં માધ્યમમાં ધર્મનું અને શ્રી ધર્માચાર્યોનું શરણું ફાવે છે. અને ''શ્રી પરમાત્માનું કામ અને જીવનું નામ'' એ પ્રવૃતિ ગમી ગઈ છે. અને સાથે પુણ્યનું ઉપાર્જન કરવાની વૃતિ અનુકુળ આવે છે. આ રીતે પણ બાળજીવો શ્રી ધર્માચાર્યોની ધર્મઆજ્ઞા સ્વિકારે છે. અને તે આજ્ઞામાં રહેવાનો પુરૂષાર્થ પણ કરી શકે છે. કુળપરંપરા જળવાય છે. સંસાર વ્યવહાર પણ અનુકુળ રહે છે. અને સંજોગ અવસ્થા બાળજીવોને મોક્ષ આરાધન માટે સહાયક બને છે. અને શ્રી ધર્માચાર્યો થકી મોક્ષમાર્ગનાં આત્મીક ગુણો પ્રગટે તો સંસારી અવસ્થામાં સાથેનાં જીવો (સગા-સ્નેહીઓ) ગુણોનો આદર-બહુમાન અને વંદનીય ભાવ ધરાવે છે. માટે બાળજીવોએ શ્રી ધર્માચાર્યોની નિશ્રામાં સાચા ધર્મની આરાધનાં કરવી. એ શ્રેષ્ઠ સમય-સંજોગની અવસ્થા ગણાય. અને જૈન ધર્મની સાધુ સંસ્થા જગતની સર્વ સાધુ સંસ્થામાં સર્વ શ્રેષ્ઠ સાધુ સંસ્થા ગણાય છે, અને છે, અને જ્યાં સુધી વાહનનો વહન કરવા માટે વહેવાર કરશે નહીં ત્યાં સુધી રહેશે. (જગતનાં મોક્ષમાર્ગી સંપ્રદાયોમાં ફક્ત જૈન સાધુ સંસ્થા જ વાહનોનો ઉપયોગ કરતાં નથી)

**દયા કરો - દયા કરો,**
**શ્રી ગુરૂવંતો દયા કરો,**
**ટાળો પુન્યનાં બોધને,**
**આપો જિનનો બોધ.**

જૈન સંપ્રદાયની સાધુ સંસ્થાને જગતનાં સર્વ પ્રકારનાં જીવો આદર અને વંદનીય ભાવે જોવે છે. ત્યારે સંપ્રદાયનાં શ્રાવક-શ્રાવિકાઓ તેમનાં પ્રત્યે અંધ વિશ્વાસ ધરાવે તેમાં નવાઈ શું ? જીવને શ્રેષ્ઠ કુળ મળ્યું હોય (આત્મીક ગુણોનાં આદરવાળું), શ્રેષ્ઠ ધર્મ મળ્યો હોય (પૂર્ણ જ્ઞાન પ્રકાશીત થયેલાં જગતનાં સર્વોત્તમ મહાપુરૂષનો), અને સર્વ શ્રેષ્ઠ ઈષ્ટદેવ પૂર્ણ વિતરાગી એવાં શ્રી તીર્થંકર પરમાત્મા મળ્યાં હોય અને સર્વશ્રેષ્ઠ જગતમાન્ય સાધુ સંસ્થા મળી હોય, અને બાળજીવોને પૂર્વનાં ઉદયનાં કારણે સંસ્કારી જીવોનો સમુહ, અર્થ વ્યવસ્થા જરૂરિયાતથી વધારે પ્રમાણની અને સહજતાથી આરોગ્ય અનુકુળતાં મળી હોય (આહાર-વિહાર-અને વિચારોની સંયમતાને કારણે) ત્યારે બાળજીવોને આનાથી વધારે સારી સંજોગ અવસ્થા મોક્ષમાર્ગનાં આરાધન માટે જગતમાં ક્યાં મળવાની છે. તેનો વિચાર કરે અને સાથે જગત અવલોકન કરે; તો જીવને સમજાય કે આવો સર્વ શ્રેષ્ઠ સંજોગ યોગ ટળી જાય તો કેટ-કેટલાં મનુષ્યભવો પછી આવો યોગ પ્રાપ્ત થશે કે નહીં તેનો વિચાર કરે અને આ યોગમાં અટકવાનું કોઈ કારણ છે કે નહીં તેનો વિચાર કરે, (''પૂર્ણ ધર્મ સ્વતંત્રતાં અને આરાધન માટે મુક્ત દશા'') તો બાળજીવોને અટકવાનું કારણ શું છે ? શ્રી પરમાત્મામાં શ્રધ્ધા ઓછી કે પછી શ્રી ધર્માચાર્યોની બાળજીવો ઉપર કરૂણાંદ્રષ્ટિ ઓછી (સાચો ધર્મ આપવામાં ઉદાસીનતાં) તેની વિચારણાં કરીએ.

બાળજીવોએ અનંત ભવભ્રમણમાં જ્યારે-જ્યારે માનવભવમાં મોક્ષમાર્ગી સંપ્રદાયમાં જન્મ મળ્યો ત્યારે બાળજીવોએ મોક્ષમાર્ગની જાણકારી મેળવ્યાં વગર જે શ્રી ધર્માચાર્યોની નિશ્રા ફાવે તેની **''ગ્રહણ''** કરી અને **''ગ્રહણ''** કર્યું ત્યારે બાળજીવે, પોતાની અલ્પમતિને મહાન ગણીને અહંકારથી અભિમાનથી અને પોતાને મોક્ષપ્રાપ્તીનો અધિકારી માનીને અધિકારભાવ ધારણ કરીને અને પુણ્ય પ્રકૃતિનાં બળવાનપણાંને કારણે તેમની બુધ્ધિ જડ અને વિપર્યાસ થયેલી હોય છે. તેની અણસમજણમાં

*** સત્સંગનું ફળ ***

**૧. પુન્ય પ્રકૃતિને મંદ કરવી એ જ્ઞાન નજીક જવાનું કારણ.**
**૨. પુન્યલક્ષને બદલવું (આત્મલક્ષ) એ જ્ઞાન પ્રાપ્તીનું કારણ.**
**૩. શ્રી તીર્થંકર પરમાત્માને પરમ ઉપકારી માનીને ભક્તિ સાધનાં કરવી, એજ જ્ઞાન પ્રાપ્તીનું કારણ અને એજ ''જ્ઞાન આરાધનાં''.**
**૪. આત્માનુભવિની વાણી અને લખાણને જ્ઞાન માનીને સ્વિકારવાં અને આદર અને અહોભાવથી વંદવા, એજ જ્ઞાન પ્રાપ્તીનું અને જ્ઞાન આરાધન બને.**
**૫. શ્રી તીર્થંકર પરમાત્માનાં બોધને દેશ-કાળનો આધાર આપીને ગોપાવાય નહીં, આરાધનમાં અલ્પતાં હોય તો અબળાપણું માનવું, પણ સબળ બતાવવા અને થવાં અન્ય પ્રકારનો બોધ અને બોધક અસ્વિકાર્ય ગણવાં એજ જ્ઞાન અને જ્ઞાન પ્રાપ્તીનું કારણ બને.**

**પુન્ય પ્રકૃતિ મંદ થાય તેવાં પ્રકારનું વાંચન, અને સંત પુરુષોનાં જીવન ચરિત્રનો અભ્યાસ, અને દોષો ટળે તેવાં ઉપાયો, અને ગુણો પ્રગટે તેવાં કાર્યો, એજ અજ્ઞાન ટાળવાનો અને મુક્તિનાં જ્ઞાનમાર્ગની નજીક આવવાનો અને જ્ઞાન પ્રાપ્તીનો ઉપાય.**

**પુન્યલક્ષને ટાળીને, ઉપકાર માન્ય ગણીને કરેલાં કાર્યો (નામ-માનભાવ રહિત) બળવાન પુન્યનું ઉપાર્જન કરાવે છે. અને મિથ્યાત્વ મંદતા પામીને સમકિત પ્રાપ્તીનું કારણ બને છે.**

**''અને''**

**ભવ ભ્રમણને ભાંગવા, ભાવથી ભગવાનને ભજતાં-ભજતાં, ભવ ભ્રમણની ભુલને ભાંગીને, ભાગ્યને ભુલીને, ભાગ્યવાન બનીને, ભાવિની ભવિત ભવ્યતાં ભણવાં, ભગવાનમાં ભરોસો ભરીને, ભક્તિનાં ભાવને ભાવતાં-ભાવતાં, અલ્પ ભવોમાં ભગવાનનાં ધામે સ્થિરતાં પામીએ.**

મિથ્યાત્વ દ્રષ્ટિથી (મિથ્યાત્વ દ્રષ્ટિનું પ્રમુખ લક્ષણ, માનભાવ, સુખભાવ અને સ્વાર્થભાવથી ભરેલી બુધ્ધિ) નામભાવ-માનભાવ અને સંસારભાવથી ભરેલી (આત્મભાવ રહિત) બુધ્ધિ અને સમજણથી ધર્મનું અવલોકન કરે છે. અને જ્યાં મોટો સમુહ કે પ્રભાવશાળી વક્તૃત્વ કે પ્રભાવશાળી વ્યક્તિત્વ જોવે છે અને પોતાનાં સ્વભાવ અનુસાર રહેવાં મળે, ત્યાં આગળ અજ્ઞાનમાં રહીને, અજ્ઞાનતાએ મોક્ષમાર્ગ માનીને ભવ-ભ્રમણમાં ફરવાની પુણ્ય પ્રકૃતિને ગાઢ બનાવે છે. અને એ રીતે માનવભવને સ્વચ્છંદે કે લોકઅભિપ્રાયે ધર્મનાં નામે માનેલી મોક્ષ આરાધનાં કરીને બાળજીવો પાછા અનંતા અનંત ભવ ભ્રમણમાં ભુલા પડીને ભટકે છે. આવી જ ભુલ બાળજીવે અનંતી વખત કરી અને એ ભુલનાં પરીણામ સ્વરૂપ જીવ ભવભવાંતરમાં ફરીને દુ:ખી દુ:ખી થાય છે.

**અનુસંધાન પાના નં ૧૮ પર →**

**અનુસંધાન પાના નં ૧૭ થી ચાલું**

બાળજીવોને અનંત ભવ-ભ્રમણમાં ફરતાં-ફરતાં મુક્તિનો માર્ગ ન મળવાનું પ્રમુખ કારણમાં બાળજીવોની શ્રી ધર્માચાર્યો પ્રત્યે અત્યંત બળવાન શ્રધ્ધા ગણાય અને તેનાં કારણે બાળજીવોમાં સત્યની ઝુરણાંનો ગુણ પ્રગટતો નથી. અને પુણ્ય પ્રકૃતિનાં બળવાનપણાંનાં કારણે બુધ્ધિ નિર્મળ બનતી નથી (સરળતાનો ક્ષય અને જડ પ્રકૃતિ બળવાન) અને શ્રી ધર્માચાર્યો વિરાધનાનો ભય દેખાડીને બાળજીવોને જે ધર્મ આપે છે, તે મોક્ષ પ્રાપ્તીનો જ ધર્મ છે, એવી માન્યતાં દ્રઢ કરાવે છે. આવી પ્રણાલીકા લગભગ સર્વ મોક્ષમાર્ગી સંપ્રદાયમાં અને સાથે જૈન સંપ્રદાયમાં પણ વહેવારથી રહેલી છે. અને તેથી બાળજીવોને મળેલો મોક્ષમાર્ગની પ્રાપ્તીનો બળવાન યોગ ટળી જાય છે. (મોક્ષમાર્ગની પ્રાપ્તીનાં સંજોગ બળવાન પણ મોક્ષમાર્ગની પ્રાપ્તી અત્યંત દુર્લભ અને તેનું નિમિત્ત કારણ શ્રી ધર્માચાર્યો ગણાય).

**''મોક્ષમાર્ગની પ્રાપ્તી બહુ જ અટપટી છે. પણ જો મળી જાય તો મોક્ષમાર્ગમાં ચાલવું સરળ છે''.** તેની મુખ્યપણે વિચારણાં કરીએ. મોક્ષમાર્ગની પ્રાપ્તી માટેનાં મુખ્યે કરીને ચાર બળવાન કારણો.

૧) શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામી (શ્રી ઈષ્ટદેવ).

૨) શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીએ રચાવેલાં શાસ્ત્રો (શ્રી ઈષ્ટદેવ થકી રચાયેલાં શાસ્ત્રો).

૩) એ શાસ્ત્રોનાં સારસ્વરૂપ સદ્‌ગુરૂ કે જેણે શાસ્ત્રો અનુભવ્યાં છે. (આત્માનુભવિ).

૪) જેણે શાસ્ત્રો - જાણ્યાં છે - વાંચન કે સાંભળવા સ્વરૂપથી સમજ્યાં છે અને તેને માન્ય કરીને જીવનમાં આરાધન સ્વરૂપે જીવન જીવે છે, એવાં શ્રી ધર્માચાર્યો અને તેમનાં આશ્રયે આવેલાં બાળજીવોને મોક્ષમાર્ગની જાણકારી આપીને મોક્ષમાર્ગનાં માર્ગદર્શક બનીને બાળજીવોને મોક્ષમાર્ગનાં આરાધક બનાવે છે.

આ છે મુક્તિનાં બળવાન આરાધક સાધનો કે જેનાંથી બાળજીવો મુક્તિ પામે છે. જ્યારે બાળજીવોએ આજ મુક્તિનાં સાધનોને ભવભ્રમણનાં કારણો બનાવી દીધાં (પુણ્ય પ્રકૃતિનાં કારણે). અને આજ ચાર બળવાન સાધનોની અવગણનાં એજ જ્ઞાનની વિરાધનાં, તેમનાં કહેલાંથી અલગ વર્તવું એજ જ્ઞાનની વિરાધનાં, તેમને આપેલાં બોધને અમાન્ય કરવો અને અન્યબોધ (ઉપદેશબોધ-પુણ્યલક્ષથી કરેલો ધર્મ) એજ જ્ઞાન વિરાધનાં, **બોધ ઓછો ધારણ કરવો સ્વિકાર્ય પણ ખોટા બોધને સાચો માનીને સ્વિકારવો એજ જ્ઞાનની વિરાધનાં.**

**શ્રી જિનની વિરાધનાં,**
**જીવે કરી અનંત,**
**જાણી નહીં આરાધનાં,**
**થયો અજ્ઞાનનો દોષ.**

મુક્તિનાં સાધનોને પુણ્યનું બળવાન સાધન માનીને આરાધન સાધનાં એજ જ્ઞાન વિરાધનાં અને જ્ઞાન વિરાધનાં એજ મોક્ષમાર્ગનાં જ્ઞાનથી દુર રહેવાનું પ્રગટ-પ્રમુખ અને પ્રખર કારણ ગણાય. મુક્તિનો માર્ગ અને મુક્તિનાં સાધનો બાળજીવોની સમિપ રહેલાં છે. પણ ''જ્ઞાનનો ગુણ'' એ કે બાળજીવો જે ભાવે - જે ઈચ્છાએ, જે વિચારેથી - જે સમજણથી અને જે દ્રષ્ટિએ ધારણ કરે એવું જ્ઞાન ફળ આપે અને જ્ઞાન એકજ ફળ (મોક્ષ) માટે છે અને મોક્ષ સિવાયની કોઈપણ પ્રકારથી જ્ઞાનની-જ્ઞાનને સહાયક ભક્તિ સાધનાં માટેનાં સાધનોનો અને જ્ઞાન આરાધકોનો ઉપયોગ એજ જ્ઞાન વિરાધનાં બને છે. અને આવી રીતે બાળજીવો ભવોભવ જ્ઞાન વિરાધનાં કરતાં આવ્યાં છે, કરે છે-અને ભાવિમાં કરતાં રહેશે. માટે જ સંસાર અનાદિકાળથી ચાલે છે-વર્તમાનપણામાં ચાલું છે, અને અનંતકાળ ચાલતો રહેશે. અને બાળજીવોને મુક્તિનાં માર્ગની પ્રાપ્તી સર્વ સમયે-સર્વ ક્ષેત્રથી અને સર્વ મોક્ષમાર્ગી સંપ્રદાયમાં અત્યંત દુર્લભ ગણી છે, અને દુર્લભ રહેશે. બાળજીવોને શાસ્ત્રો આધારીત યથાર્થ જ્ઞાનની (બોધની) સમજણ શ્રી ધર્માચાર્યો થકી મળે (અને જો ન મળતી હોય તો બાળજીવોએ માગવી જોઈએ) તો બાળજીવોને ધર્મનાં સાધનો (ધર્મનાં સ્થાનકો, ધર્મનાં શાસ્ત્રો અને શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલાં બોધનાં

**જ્ઞાન ''એજ'' જ્ઞાન છે.**
**જે જ્ઞાન બાળજીવોને વિચાર કરતાં કરે,**
**જીવની મુદ્ધતાં એ માની ન શકે તો**
**ટાળી પણ ન જ શકે એ જ્ઞાન જ છે.**
**અને**
**જે જ્ઞાન બાળજીવોને વિવાદ કરતાં કરે,**
**અને વિરોધાભાસથી ભરેલું હોય,**
**એ અજ્ઞાન જ છે.**
**આ સમજણ ત્યાગી અને વગર ત્યાગી દરેક જીવોને સિધ્ધાંત સહીત સ્થપાય, જે સિધ્ધાંત કોઈપણ કાળે, કોઈપણ ક્ષેત્રે, સર્વ જીવોને સમાનતાએ ધારણ કરવો પડે એ જ્ઞાન છે. જ્ઞાન એજ સિધ્ધાંત અને સિધ્ધાંત એજ જ્ઞાન.**
**સિધ્ધાંતને ધારણ કરવો એજ જ્ઞાન**
**અને**
**જ્ઞાનને અનુભવવું એજ સિધ્ધાંત.**
**જે સર્વ સમય-ક્ષેત્રમાં સ્થિર હોય તે સિધ્ધાંત.**
**જીવે સિધ્ધાંત માનવો એટલે મુક્તિ માગવી**
**અને**
**સિધ્ધાંત ધારણ કરવો એટલે મુક્તિ પામવી.**
**સિધ્ધાંત એ સિધ્ધાંત છે,**
**તેમાં સમાધાનને સ્થાન નથી. સજાને સ્થાન છે.**
**સિધ્ધાંતને સમરવો એ સાધના છે.**
**''અને''**
**સિધ્ધાંતને - અજાણતાએ, અસિધ્ધાંત માનીને અજ્ઞાનતાએ - અવિચારીપણે, અવગણવો - અનાદરવો - અવરોધવો, એજ અજ્ઞાન છે. અને એજ જ્ઞાન વિરાધના છે. અને એજ જ્ઞાન વિરાધનાની સજા જીવ પ્રગટ લક્ષણે સિધ્ધાંત આપનાર, સિધ્ધાંત સ્થાપનાર અને સિધ્ધાંત અનુભવનાર અને સિધ્ધાંતધારીથી અને સિધ્ધાંતસ્વરૂપથી અનંતા ભવ દુર થાય છે. અને સિધ્ધાંત - સિધ્ધાંતમાં રહે છે.**
**જ્ઞાન એજ જ્ઞાન છે.**
**જ્ઞાનની આરાધનાં એ સિધ્ધાંત**
**અને**
**જ્ઞાનની વિરાધના એ સજા.**
**''વય - વેશનાં બંધન રહીત''**
**જ્ઞાન એજ જ્ઞાન છે.**

ધારકો અને આરાધકો) મુક્તિનાં બળવાન કારણો બને. અને તેને અમાન્ય કરવાં અથવાં નિંદવા એજ ભવભ્રમણનાં કારણો બને અને જેનાં થકી તરવાનું છે, એજ ડુબવાનું નિમિત્ત કારણ બને અને બાળજીવો આ ચાર કારણોની મુખ્યપણે કેવી રીતે વિરાધનાં (જ્ઞાન વિરાધનાં) કરે છે, તેની વિચારણાં કરીએ.

૧) શ્રી તીર્થંકર પરમાત્માનું યથાર્થ સ્વરૂપ જાણ્યાં વગર તેમનું વર્ણન કરવું-સાંભળવું અને માનવું એ જ્ઞાન વિરાધનાં ગણાય. શ્રી પરમાત્મા જ્યારે સદેહે વિચરતાં હોય તે અવસ્થામાં (સાધનાંકાળ કે કેવલ્યજ્ઞાન પછી) તેમને બુધ્ધિથી વર્તેલાં બતાવવાં એ, (બુધ્ધિ એ કષાયનો અલ્પ પર્યાય છે, અને કેવળજ્ઞાન એ પૂર્ણ ગુણોનો સાગર છે અને શ્રી તીર્થંકર પરમાત્માનાં કેવળજ્ઞાન પછીનાં જીવનકાળમાં બુધ્ધિનો ઉપયોગ બતાવવો એ) શ્રી તીર્થંકર પરમાત્માની જ્ઞાન વિરાધનાં ગણાય અને બને છે.

૨) શ્રી તીર્થંકર પરમાત્માનાં બોધને (કાળ-ક્ષેત્રનો દોષ બતાવીને) બદલે અન્ય બોધ આપવો કે સાંભળવો એ શ્રી તીર્થંકર પરમાત્માની અને તેમણે આપેલાં જ્ઞાનબોધની વિરાધનાં ગણાય અને જ્ઞાન વિરાધનાં બને. (દેશ-કાળનાં આધારે ઓછો બોધ સ્વિકાર્ય ગણાય પણ ખોટો બોધ નિયમથી અસ્વિકાર્ય).

૩) શ્રી તીર્થંકર પરમાત્માની બળવાન પુણ્યનાં ઉપાર્જન અર્થે ભક્તિ-આરાધનાં કે પૂજા-અર્ચનાં કરવી એ શ્રી તીર્થંકર પરમાત્માની અને જ્ઞાનની વિરાધનાં ગણાય. (તેનાં કારણે બાળજીવોની દ્રષ્ટિમાં શ્રી પરમાત્માનું માહત્યમ ઓછું થાય અને પુણ્યનું કારણ બળવાન બનવાથી શ્રી પરમાત્મા પ્રત્યે ઉપેક્ષાભાવનો દોષ બાળજીવોમાં આવે).

૪) શ્રી તીર્થંકર પરમાત્માનાં કાર્યો અને બાળજીવોનું નામની નામનાં મેળવવાની વૃત્તિ એ શ્રી તીર્થંકર પરમાત્માની અને જ્ઞાનની વિરાધનાં ગણાય (બાળજીવોનું નામનું સ્થાપન થાય તો શ્રી પરમાત્માનું કાર્ય કરે, નહીંતર ઉપેક્ષાભાવ ધારણ કરે અને સાથે શ્રી પરમાત્માનાં કાર્યમાં થોડા અર્થથી મોટું નામ બનાવવાની કોશિષ એજ જ્ઞાન વિરાધનાનો દોષ બને).

૫) શ્રી તીર્થંકર પરમાત્માનું સ્થાનક બનાવવામાં બાળજીવને પોતાનું નામ અને માન કાયમીક બનાવવાનાં ભાવ ધારણ કરીને અને જ્યાં શ્રાવક સમુહને ભક્તિ સાધનાં માટેની આવશ્યકતા ન હોય તો પણ ધર્મનું સ્થાનક બનાવવું અને તેનો અધિકારભાવ સહિત પોતાની નિશ્રામાં રાખવાની વૃતિ એજ શ્રી તીર્થંકર પરમાત્માની અને જ્ઞાનની વિરાધનાં બને.

૬) શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ સાધનાનાં ઉપયોગ રહિત બળવાન દેવદ્રવ્ય ભેગું કરવું અને તેનો વિવાદ વધે તે રીતે સંઘ ચુંટણીમાં સયંમિત ભાવ ગુમાવવો અને સંઘ ભક્તિની બદલે નામ અને સ્થાન મેળવવાની વૃતિ રાખવી એજ શ્રી તીર્થંકર પરમાત્મા અને તેમની જ્ઞાન વિરાધનાં ગણાય અને જ્ઞાન વિરાધનાનો દોષ બને. (કાળ અને ક્ષેત્ર અનુસાર જ્ઞાની મહાપુરૂષોએ દેવ-દ્રવ્યનું ઉપાર્જન શ્રાવક સમુહ નિર્ભયતાથી-આશ્રીતભાવ વગર અને મુક્ત દશાએ ભક્તિ કરે માટે કર્યું હતું).

૭) શ્રી તીર્થંકર પરમાત્માનાં સ્થાનકને ઉત્કૃષ્ટ સ્વરૂપે રાખવાં માટેનાં કાર્યમાં ઉણપ રાખવી અથવાં જેમ તેમ રીતે રાખવાં (સાધારણ રીતે) અને તે માટે સાધારણ શબ્દ વાપરવો અને તેને સાધારણખાતું ગણવું એજ બાળજીવોની અજ્ઞાનતા અને અજ્ઞાન ગણાય અને શ્રી તીર્થંકર પરમાત્માનાં સ્થાનકને સાધારણપણે રાખવું એજ શ્રાવકોની ઓછી શ્રધ્ધા અને શ્રી ધર્માચાર્યોની ઉદાસીનતા કહેવાય અને તેને કારણે શ્રી પરમાત્મા પ્રત્યે ઉલ્લાસીતભાવની ઉણપ કહેવાય તો પછી શ્રધ્ધા શબ્દ કેવી રીતે વપરાય. (શ્રી પરમાત્માનું નામ અસાધારણ, તેમની ભક્તિનું ફળ અસાધારણ, તો પછી તેમની કોઈપણ પ્રકારની ભક્તિ નાની કે સાધારણ કેમ ગણાય અને ગણતા હોઈએ તો શ્રી તીર્થંકર પરમાત્મામાં શ્રધ્ધા કેમ ગણાય ? અને જો શ્રધ્ધા પણ સ્થપાયેલી ન હોય તો નિશંક શ્રધ્ધા કેવી રીતે આવે ? નિશંક શ્રધ્ધા એટલે શંકા રહિતની શ્રધ્ધા અને શંકારહિતની શ્રધ્ધા એટલે અનન્ય શ્રધ્ધા, અનન્ય શ્રધ્ધા એટલે અન્ય કોઈમાં શ્રધ્ધા નહીં, ફક્ત શ્રી તીર્થંકર પરમાત્મામાં જ શ્રધ્ધા). આવી રીતે શ્રી તીર્થંકર પરમાત્માનાં કાર્યોમાં ઉપેક્ષાભાવ કે ઉદાસીન વૃતિ રાખવી અને પોતાનાં નામનું મહત્વ સ્થાપવા સક્રિય પ્રવૃતિઓમાં રહેવું અને પુણ્ય પ્રકૃતિને ગાઢ કરવી અને શ્રી પરમાત્માનાં યથાર્થ કાર્યોમાં નિવૃતિ લેવી એજ જ્ઞાન વિરાધનાં બને અને જીવ વિરાધનાનો દોષ બાંધે.

૮) શ્રી તીર્થંકરનાં શબ્દનો પ્રયોગ કોઈપણ પ્રકારથી કરવો (વ્યક્તિ, ટ્રસ્ટી કે સંઘ માટે) તે પણ શ્રી તીર્થંકર પરમાત્માની વિરાધનાં કરી ગણાય અને તેનાં કારણે જ્ઞાન વિરાધનાનો દોષ પ્રગટે [શ્રી તીર્થંકર ''નામકર્મ'' છે, અને તે ગુણોથી પ્રાપ્ત થાય છે. તો તે ગુણ વગરની વ્યક્તિ માટે સામાન્ય ભાવે બંધાય તેવું માનવું (એ અસાધારણ ગુણે અને ભાવે બંધાય છે.) તે પણ શ્રી તીર્થંકર પરમાત્માને સાધારણ દ્રષ્ટિમાં લીધા ગણાય અને તેનો દોષ જ્ઞાન વિરાધનાં કરી ગણાય. (આ શ્રી તીર્થંકર ''નામકર્મ'' છે, વિશેષણ નથી. વિશેષણ વાપરવામાં દોષ નથી જેમ કે ભગવાન-ઈશ્વર-પ્રભુ-પરમેશવર વિગેરે) અને આ વિરાધનાંનો દોષ તત્કાળ ફળ આપે છે. વ્યક્તિનાં જીવનમાં દુઃખો અને સંઘમાં વિવાદ-અશાંતિ અને વાતાવરણ તંગ રહે તેવી સ્થિતી] આવી રીતે બાળજીવો શ્રી તીર્થંકર પરમાત્માની અને જ્ઞાનની બળવાન

**એ અજ્ઞાનને જ્ઞાન ગણી,**
**કર્યા વ્રત ને ત્યાગ,**
**માન્યો આરાધનાનો યોગ,**
**કર્યો વિરાધનાનો દોષ.**

વિરાધનાં કરે છે. અને તેનાં કારણે બાળજીવોને જ્ઞાનનો યોગ પ્રાપ્ત થવાં છતાં જ્ઞાન પ્રાપ્તી કરી શકતાં નથી. ભરતક્ષેત્રમાં ૨૪ જ શ્રી તીર્થંકર પરમાત્મા હોય-માટે ૨૫માં **તીર્થંકર** તરીકે શ્રી સંઘને લેવાય જ નહીં. (વ્યવહારમાં કહેવું હોય તો ૨૫માં **ભગવાન** કહેવાય.)

**અનુસંધાન પાના નં ૧૯ પર →**

અનુસંધાન પાના નં ૧૮ થી ચાલું

## ''જ્ઞાન વિરાધનાં એજ મુક્તિનાં માર્ગથી દુર ''અને'' જ્ઞાન વિરાધનાંથી બચવું એજ મુક્તિનાં માર્ગની નજીક આવવું''

બાળજીવોને જ્યારે-જ્યારે મોક્ષમાર્ગી સંપ્રદાયમાં માનવ જન્મ મળ્યો ત્યારે-ત્યારે પુણ્ય પ્રકૃતિ બળવાન બનાવવામાં નિમિત્ત કારણ શ્રી ધર્માચાર્યો બન્યાં, અને તેનાં ફળ સ્વરૂપ વર્તમાન કાળમાં જૈન સંપ્રદાયમાં જન્મીને પણ પુણ્ય બાંધવાની વૃત્તિ જ બળવાન રાખી, અને પૂર્વની પરંપરાગત પુણ્ય પ્રકૃતિને બળવાન બનાવવાનો પુરુષાર્થ આરંભી દીધો, તેનાં ફળ સ્વરૂપે બાળજીવોનો સંસારભાવ જાણમાં ન હોવા છતાં બળવાન બને છે. (મોક્ષભાવની ઝુરણાં જ જાગતી નથી) અને જીવ ભ્રમિતભાવથી માને છે કે પુણ્ય ઘણું બાંધ્યું છે અને તે પુણ્યનો સંતોષ ગણે છે. અને પુણ્ય પ્રકૃતિને બળવાન બનાવે છે. પુણ્ય પ્રકૃતિને કારણે સંસારભાવ બળવાન બને છે. (નામ-માનભાવને પણ સંસારભાવ કહેવાય) સંસારભાવનાં કારણે જીવ પુણ્યલક્ષી બને છે. અને પુણ્યલક્ષનાં કારણે જીવ ધર્મનાં કોઈપણ પ્રકારનાં કાર્યો કે ભક્તિ કે આરાધનાં કરે છે. તેનાં ફળ સ્વરૂપ અલ્પ પુણ્ય બાંધે છે (સકામ ભક્તિ). પણ તે કાર્યો કે ભક્તિ કે આરાધનાં જ ''જ્ઞાન વિરાધના બને છે''. બાળજીવો જ્ઞાન વિરાધના બે પ્રકારથી કરે છે. પ્રત્યક્ષ અને પરોક્ષ, અને બંનેનાં ફળ જીવ પામે છે.

## ''પ્રત્યક્ષ વિરાધનાં અને તેનું ફળ''

૧) બાળજીવ જો શ્રી તીર્થંકર પરમાત્મામાં પ્રત્યક્ષ અશ્રધ્ધા કરે, તેનાં ભક્તોની ભક્તિમાં વિક્ષેપ નાખે, અને શ્રી તીર્થંકર પરમાત્માનાં સ્થાનકોની હાનિ કરે, તેમાં અવરોધો ઉભાં કરે અને તેમાં વિવાદો સર્જે તેવાં કાર્યો થકી, બાળજીવો અજાણતાં કે અજ્ઞાનતામાં શ્રી તીર્થંકર પરમાત્માની પ્રત્યક્ષ વિરાધનાં કરી ગણાય.

૨) શ્રી તીર્થંકર પરમાત્માએ રચાવેલાં શાસ્ત્રો જાણ્યાં હોય કે શાસ્ત્રોથી અજાણ હોય છતાં જે બોધ શાસ્ત્રોનો ન હોય તો પણ શાસ્ત્રોનો બોધ ગણાવવો-માનવો અને મનાવવો અને તેને માટે શાસ્ત્રોનાં અર્થઘટન મનફાવે તેમ કરીને બોધને (પુણ્યનાં બોધને) શ્રી તીર્થંકર પરમાત્માનો બોધ ગણાવવો એ પ્રત્યક્ષ શાસ્ત્રોની વિરાધનાં અને પરોક્ષ શ્રી તીર્થંકર પરમાત્માની વિરાધનાં કરી ગણાય.

૩) શ્રી તીર્થંકર પરમાત્માએ રચાવેલાં અને જીવન પર્યંત આપેલા આત્મકલ્યાણનાં (નિશ્ચય)બોધને જે જીવોએ અનુભવિને, આત્માનુભવિ બનીને, આત્મામાંથી બોધ પ્રકાશીત કરે તેવાં આત્માનુભવિ જ્ઞાની મહાપુરુષોનાં લખાણ કે વાણીને, મતનાં આગ્રહથી-વેશનાં આગ્રહથી કે વયનાં આગ્રહથી અમાન્ય ગણવા. અને તે જ્ઞાનને મિથ્યાત્વ ગણવું અને તેવાં જ્ઞાની પુરુષોની ટીકા-નિંદા કરવી એ પ્રત્યક્ષ જ્ઞાન વિરાધનાં ગણાય.

૪) શ્રી તીર્થંકર પરમાત્માએ પ્રકાશીત કરેલો અને તેનાં થકી શાસ્ત્રો રચાવ્યાં, તે શાસ્ત્રોનાં જાણકાર એવાં ઉપાધ્યાયજી કે સ્વાધ્યાયકારની કે તેમનાં બોધને માનીને આરાધન કરતાં બાળજીવોની ટીકા-નિંદા કરવી કે તેમનાં ધર્મકાર્યમાં (પુરુષાર્થમાં) અવરોધ નાખવા કે તેમાંથી તેમને નબળા પાડીને પાછા વાળવા કે તેમનાં વ્યવહાર ધર્મમાં મુશ્કેલીઓ સર્જવી, એ જ્ઞાનની પ્રત્યક્ષ વિરાધનાં ગણાય અને બને છે. આવી રીતે જીવ જાણતાં કે અજાણતાં, લોક અભિપ્રાયે કે સ્વાર્થભાવથી પ્રેરાઈને કોઈપણ પ્રકારથી (તન-મન-ધનથી) અવરોધ સર્જે તો બળવાન **''પ્રત્યક્ષ જ્ઞાન વિરાધનાનો દોષ બને છે''**. અને તેનાં પ્રત્યક્ષ ફળ સ્વરૂપે તે જીવ એજ ભવમાં આધી-વ્યાધી કે વિચારોની ઉપાધીથી રાત-દિવસ અશાંતિ-અજંપો અને ઉદ્વેગમાં જીવન વ્યતિત કરે છે. અને ભાવિ ભવોમાં અનંત મનુષ્ય જન્મોમાં મોક્ષમાર્ગી સંપ્રદાયથી દુર થાય છે. (શ્રી પરમાત્મા, જ્ઞાન અને જ્ઞાનીનો વિયોગ થાય છે.) અને જે પ્રાપ્ત થાય છે; તે દુઃખ-દુઃખ અને અનંતા દુઃખ કે જેને ટાળવાનો કોઈ જ ઉપાય હોતો નથી (જ્ઞાન ઉપર બળવાન આવરણ આવવાથી ફક્ત અજ્ઞાન જ રહે છે.) અને તેનાં ફળ સ્વરૂપ

## ''બળવાન મિથ્યાત્વગ્રંથી અને ભ્રાંતિ''

Website : www.jainojago.com

**જ્ઞાન થકી ગુણો અને ગુણો થકી જ્ઞાન**

**જ્ઞાન એજ ગુણ, ગુણ એજ જ્ઞાન સ્વભાવ.**
**જે શ્રી તીર્થંકર પરમાત્માએ આપ્યું તેનું નામ જ્ઞાન,**
**જે દેશનાં સ્વરૂપે શાસ્ત્રો રચાયાં તેનું નામ જ્ઞાન,**
**જે શાસ્ત્રોમાં રહેલ છે તેનું નામ જ્ઞાન,**
**આત્માનુભવિનાં હૃદયમાંથી જે પ્રકાશીત થાય તેનું નામ જ્ઞાન,**
**જેનાંથી આત્મગૌરવ પ્રાપ્ત થાય તે જ્ઞાન,**
**જેનાંથી પાપ-પુણ્યથી પર થવાય તે જ્ઞાન,**
**જેનાંથી જન્મ-મરણ છુટે તે જ્ઞાન,**
**જેનાંથી યાચકપણું ટળે તે જ્ઞાન,**
**જેનાંથી સંતોષીપણું પ્રાપ્ત થાય તે જ્ઞાન,**
**જેનાંથી નિર્ભયતા આવે તે જ્ઞાન,**
**જેનાંથી અહિંસકભાવ આવે તે જ્ઞાન,**
**જેનાંથી નામ-માનભાવ રહીત થવાય તે જ્ઞાન,**
**જેનાંથી સહનશીલતા આવે તેનું નામ જ્ઞાન,**
**જેનાંથી કરૂણાંદ્રષ્ટિ પ્રગટે તેનું નામ જ્ઞાન,**
**જેનાંથી દંભરહિતનું જીવન બને તેનું નામ જ્ઞાન,**
**જેનાંથી સરળ જીવન બને તેનું નામ જ્ઞાન,**
**જેનાંથી આગ્રહ-હઠાગ્રહ છુટે તેનું નામ જ્ઞાન,**
**જેનાંથી કદાગ્રહ અને જડતાં છુટે તેનું નામ જ્ઞાન,**
**જેનાંથી નિર્વિચારી-નિર્વિકારી બનાય તેનું નામ જ્ઞાન,**
**જેનાંથી રાગ-પ્રભુ ભક્તિમાં, અને દ્વેષ-કરૂણાંદ્રષ્ટિમાં લાવે, તેનું નામ જ્ઞાન,**
**જેનાંથી જગત આદરભાવે, અને જીવન ઉપકારીભાવથી ભરી દે, તેનું નામ જ્ઞાન,**
**જેનાંથી સંગમાં અસંગ, અને અસંગમાં પ્રભુ સ્મરણમાં રખાવે, તેનું નામ જ્ઞાન,**
**જેનાંથી સંસાર કર્તવ્ય સ્વરૂપે નિભાવરાવે, તેનું નામ જ્ઞાન,**
**અને**
**સર્વ અવસ્થાએ પ્રભુ સ્મરણથી, આનંદ સ્વરૂપની પ્રાપ્તી કરાવીને, જીવન આનંદને, આનંદ સ્વરૂપી સ્વભાવ, બનાવી દે ''તેનું નામ જ્ઞાન''.**

## ''પરોક્ષ વિરાધનાં''

જે બાળજીવો શ્રી તીર્થંકર પરમાત્માને અને તેમનાં કોઈપણ કાર્યોને બળવાન પુણ્ય બાંધવાનું સાધન માને-શાસ્ત્રો જાણીને-વાંચીને કે સાંભળીને, આત્મકલ્યાણ કરવાની બદલે, નામ-કે માન મેળવવાની વૃતિ બળવાન રાખે, આત્માનુભવિનાં જ્ઞાનને સાચું માને અને સાથે પોતાનાં જ્ઞાનને (અજ્ઞાનને) પણ સાચું માને, અને સાચા જ્ઞાનનાં આરાધક-સાધકોની સેવાભક્તિને બદલે પોતાનાં પુણ્યલક્ષીબોધનો વિશેષ આગ્રહી બને, તો તેવાં જીવોએ શ્રી તીર્થંકર પરમાત્માનાં જ્ઞાનમાર્ગની પરોક્ષ વિરાધનાં કરી ગણાય, અને તેનાં ફળ સ્વરૂપે વર્તમાન ભવમાં સતત ચિંતા, મોક્ષમાર્ગ ન મળ્યો તેની રહે, અને ધર્મનાં કોઈપણ પ્રકારનાં કાર્યોથી સંતોષ પામે નહીં, અને ભાવિ ભવોમાં અનેક વખત મનુષ્યપણું અને મોક્ષમાર્ગી સંપ્રદાય પ્રાપ્ત થાય છતાં તેવાં જીવોને મોક્ષમાર્ગ કે તેનું જ્ઞાન કે જ્ઞાનીનો યોગ થાય નહી, થયો હોય તો ઓળખી શકે નહીં અને ઓળખ્યાં પણ હોય

**જે પુન્યે દુઃખી થયો,**
**કર્યાં પુન્ય અનેક,**
**માન્યાં નહીં શ્રી જિનને,**
**કર્યો શ્રી જિનનો દ્રોહ.**

(લોક અભિપ્રાયથી) તો પણ આરાધી શકે નહીં. (માન-અહંકાર-અભિમાન અને સ્વચ્છંદનાં દોષનાં કારણથી)

જ્ઞાનની વિરાધનાનાં પ્રત્યક્ષ અને પરોક્ષ ફળની વિચારણાં કરી. માટે બાળજીવોએ મુખ્યપણે જ્ઞાનની વિરાધનાંથી બચવું એજ જ્ઞાનની નજીક આવવાનો એક જ અને અંતિમ ઉપાય છે. અને જ્ઞાનની નજીક આવ્યાં પછી જ બાળજીવોની જ્ઞાનની આરાધના (મોક્ષમાર્ગની આરાધના) શરૂ થાય છે. જ્ઞાનની નજીક આવ્યાં પહેલાં જે આરાધનાં થાય છે તે ૪ ગતિનાં ભ્રમણની જ બાળજીવો આરાધનાં કરે છે.

**શાસ્ત્ર સમંતનાં જ્ઞાનને,**
**ગણ્યો સમયનો દોષ,**
**દિશા બદલી જ્ઞાનની,**
**દશા બગડી જીવની.**

## ''જ્ઞાન આરાધનાં''

જે બાળજીવો જ્ઞાન વિરાધનાંથી બચતાં-બચતાં પુણ્ય પ્રકૃતિને મંદ કરતાં-કરતાં અને સંસારને ભયસ્વરૂપે નહીં પણ સંસારને દુઃખ સ્વરૂપ માનીને, સંસારથી દુર ભાગીને નહીં પણ સંસારથી છુટવા (સંસારને ખારો માનીને નહીં પણ વિષ સમાન ગણીને) જે બાળજીવો શ્રી તીર્થંકર પરમાત્માનાં બોધનો જ આગ્રહ રાખે છે. (આત્મધર્મનો કે નિશ્ચયબોધનો) અને તે બોધની જાણકારીનાં કારણે બાળજીવો શ્રી તીર્થંકર પરમાત્માને-જાણે છે; ઓળખે છે, અને તેનાં ફળ સ્વરૂપે ઉપકારી ગણે છે, અને શ્રી તીર્થંકર પરમાત્માનો ઉપકાર સ્વિકારીને ઉપકાર ઉતારવાનાં ભાવે (ઉતારી શકાતો નથી) (પુણ્યલક્ષ રહિત) શ્રી તીર્થંકર પરમાત્માનાં કોઈપણ પ્રકારનાં કાર્યોને અતિઉલ્લાસીતભાવે અને તન-મન-ધનને સમર્પિતભાવથી અર્પણ કરે છે અને તેમને રચાવેલાં શાસ્ત્રોનો અત્યંત આદર-બહુમાન-અને વંદનિયભાવથી ઉપકાર ગણે છે. (જો શાસ્ત્રોનો આધાર ન મળે તો જીવો જગતમાં મોક્ષમાર્ગનાં જ્ઞાનની કોનાં થકી ખાત્રી પામે. અને જો ખાત્રી ન મળે તો અનંત ભવે પણ મોક્ષ પામી ન શકાત તેવી બળવાન શ્રધ્ધાનાં કારણે શાસ્ત્રોને પરમ ઉપકારી ગણે છે.) અને તેવાં શાસ્ત્રોનાં આત્મસાત કરેલાં કે શાસ્ત્રોને અનુભવેલાં, આત્માનુભવિનાં અત્યંત આદર-આધાર માટે અને બળવાન ઉપકારીભાવથી ત્રિકાળ વંદના કરે છે. (તમે આત્મસાત કે શાસ્ત્રોને અનુભવ્યાં તો અમે પણ અનુભવિ શકશું તેવી બળવાન શ્રધ્ધા જાગે છે. અને તે શ્રધ્ધા આવવામાં નિમિત્ત કારણ સદ્‌ગુરૂ ગણાય) અને પોતે જે જ્ઞાન પ્રાપ્તી કરીને જે પ્રકારથી આત્મીક ગુણો પ્રગટાવવા અને વિષય-કષાયોથી મુક્ત થવા જે પુરુષાર્થ કરે છે તેવાંજ અન્ય પુરુષાર્થી બાળજીવોને જોઈને હર્ષિત થાય છે. અને પરમ આદર અને ઉપકારી માનીને તેમની વંદના કરે છે. (સંસારમાં સમાન વિચારો, સમાન સ્વભાવવાળા અને સમાન વૃતિવાળા જીવો ગમે છે) (મોક્ષમાર્ગમાં સમાન ભાવ - સમાન ગુણો અને સમાન સંસારભાવની નિવૃતિવાળા જીવો ગમે છે.) આવા પ્રકારથી

**પુન્યલક્ષને ટાળવાં,**
**ગણ્યો જિન ઉપકાર,**
**ટાળ્યો વિરાધનાંનો દોષ,**
**પામ્યો આરાધનાનો યોગ.**

**જે બાળજીવો શ્રી તીર્થંકર પરમાત્માને પરમ ઉપકારી ગણે, શાસ્ત્રોને અત્યંત ઉપકારી ગણે, સદ્‌ગુરૂ કે શ્રી ઉપાધ્યાયજીને ભવ ભ્રમણથી છોડાવનાર એવાં જીવન ઉપકારી ગણે અને ગુણો પ્રગટાવવાં અને કષાયોને કાપવા માટે જગતને ઉપકારીભાવે અને આદરભાવથી જોવે અને સંસારનાં દરેક કાર્યોમાં ધર્મ આરાધન સમજીને જીવન જીવે અને સાથે સહજતાથી બળવાન પુણ્ય બાંધે છે. (લક્ષ રહિત) તેવાં જીવો મોક્ષમાર્ગમાં જ્ઞાનમાર્ગનાં જ્ઞાન આરાધક અને મુક્તિપંથનાં સાધક જીવો ગણાય અને અલ્પ ભવોમાં મોક્ષગમનનાં અધિકારી બને. આ છે જ્ઞાન આરાધના.**

આનંદ **આનંદ** **આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઇપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઇપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઇપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઇપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઇપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઇને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.